રહસ્યમય ધમાકાઓથી દુબઈ ધ્રૂજી ઊઠ્યું

20 મિનિટમાં 7 વિસ્ફોટ

દુબઈ, તા. 5 ઈરાની મીડિયા અહેવાલો અનુસાર, બુધવારે વહેલી સવારે યુનાઈટેડ આરબ અમીરાતના દુબઈના જેબેલ અલી ઔદ્યોગિક વિસ્તારમાં 20 મિનિટની અંદર ઓછામાં ઓછા સાત વિસ્ફોટના અવાજ સંભળાયા હતા. સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં આકાશમાં ઘાટા ધુમાડાના ગોટેગોટા ઊડતા જોવા મળ્યા હતા. આ ઘટનાનું શૂટિંગ કરવા બદલ બે લોકોની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ છે. સત્તાવાળાઓએ હજી સુધી આ વિસ્ફોટ કોઈ હુમલાને કારણે થયો હતો કે ઔદ્યોગિક અકસ્માતને કારણે, તેની પુષ્ટિ કરી નથી. અમીરાતના અધિકારીઓને ટાંકીને ઈરાનની અર્ધ-સરકારી મહેર ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, 20 મિનિટના સમયગાળામાં ઓછામાં ઓછા સાત વિસ્ફોટ થયા હતા. ઈરાનની સરકારી પ્રેસ ટીવીએ પણ સ્થાનિક સ્રોતોને ટાંકીને આ ઘટના અંગે અહેવાલ આપ્યો હતો. ઓનલાઈન વાયરલ થઈ રહેલા વીડિયોમાં વિસ્ફોટ બાદ રહેણાક વિસ્તાર નજીક ઘાટો કાળો ધુમાડો ઊડતો જોવા મળી રહ્યો છે. નજીકના અલ ફુરજાન વિસ્તારના કેટલાક રહેવાસીઓએ પણ એઓએલ ન્યૂઝને જણાવ્યું હતું કે, તેમણે બુધવારે ઓછામાં ઓછા ચાર કે પાંચ મોટેથી થતા વિસ્ફોટોના અવાજ સાંભળ્યા હતા.

અવકાશમાં ગુમ થયેલું સ્પેસએક્સ રોકેટ ચંદ્ર સાથે અથડાયું

કેપ કાનવેરલ (અમેરિકા), તા. 5 (એપી): સ્પેસએક્સનું એક રોકેટ, જેણે 2025માં બે ખાનગી ચંદ્ર લેન્ડરને અવકાશમાં મોકલ્યા હતા, તે બુધવારે અનુમાન મુજબ ચંદ્રની સપાટી સાથે અથડાયું હોવાની વૈજ્ઞાનિકોએ પુષ્ટિ કરી છે. છેલ્લા એક વર્ષથી માર્ગથી ભટકાયેલું રોકેટનું લગભગ 4 ટન વજનનું ઉપરનું સ્ટેજ પ્રતિ કલાક આશરે 8,700 કિમીની ઝડપે ચંદ્ર પર તૂટી પડ્યું હોવાનું અવકાશ નિષ્ણાતોએ જણાવ્યું છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર રોકેટ ચંદ્રના 'આઈન્સ્ટાઈન ક્રેટર' નજીક અથડાયું હોવાની શક્યતા છે. જોકે તેની સત્તાવાર દૃશ્ય પુષ્ટિ હજુ થઈ નથી, કારણ કે અથડામણનું સ્થળ પૃથ્વી પરથી સ્પષ્ટપણે જોઈ શકાય તેમ નથી. હવે નાસાનું 'લ્યુનર રિકોનિસન્સ ઓર્બિટર' આગામી સપ્તાહે તે વિસ્તારના ફોટા મોકલશે, ત્યારબાદ નવા બનેલા ખાડાની પુષ્ટિ થશે.

જર્મનીના સેલ્મ સ્થિત લ્યુનેમેન ફાર્મ ખાતે મકાઈના ખેતરમાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પૃથ્વીના ગોળા સાથે રમત રમી રહેલા નાનાં બાળકો રૂપે દર્શાવતી એક અનોખી મકાઈની ભૂલભુલામણી તૈયાર કરાઈ હતી.

હોર્મુઝ જળમાર્ગ ફરી ખુલવાની શક્યતા તેજ

ટ્રમ્પે સમજૂતીની સંભાવના વ્યક્ત કરી

ઈરાન અને ઓમાનનો સુરક્ષિત જહાજ વ્યવહાર માટેનો પ્રસ્તાવ

કેરો, તા. 5 (એપી): વૈશ્વિક તેલ પુરવઠા માટે અત્યંત મહત્વના હોર્મુઝ જળમાર્ગને ફરી શરૂ કરવા અમેરિકા, ઈરાન અને ઓમાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હોવાનું અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે. તેમણે કહ્યું કે જળમાર્ગ ખોલવા અંગેની સમજૂતી બુધવારે અથવા આગામી એક-બે દિવસમાં જાહેર થઈ શકે છે. ઈરાન અને ઓમાન સુરક્ષિત જહાજ વ્યવહાર માટે એવો પ્રસ્તાવ ચર્ચી રહ્યા છે કે પર્શિયન ખાડીમાં પ્રવેશતા જહાજો ઈરાનના નિયંત્રણ હેઠળના માર્ગથી પ્રવેશે અને બહાર નીકળતી વખતે ઓમાનના માર્ગનો ઉપયોગ કરે.

અમેરિકા અને ઈરાન વચ્ચે જૂનમાં પણ સમજૂતી થઈ હતી, પરંતુ ત્યારબાદ ફરી હુમલાઓ શરૂ થતાં જળમાર્ગમાં અવરજવર ખોરવાઈ હતી. આ દરમિયાન ઈરાન સમર્થિત હૂથી બળવાખોરોએ લાલ સમુદ્રમાં સાઉદી તેલ ટેન્કર પર બેલિસ્ટિક મિસાઈલ હુમલો કરવાનો દાવો કર્યો છે. બીજી તરફ, ઓમાન નજીક હોર્મુઝ જળમાર્ગમાં એક કાર્ગો જહાજ પર અજ્ઞાત પ્રોજેક્ટાઈલથી હુમલો થયો હોવાની માહિતી મળી છે, જ્યારે યમન નજીક વિસ્ફોટકોથી ભરેલી બોટ અથડાતા ભારતીય ધ્વજવાળું વેપારી જહાજ ડૂબી ગયું હતું. તેમાં સવાર 13 ભારતીયો સહિત તમામ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા.

યુક્રેનની રાજધાની પર રશિયન હુમલામાં ૧૭ લોકોનાં મોત

કીવ, તા. ૫ (એપી) કીવ અને તેના આસપાસના વિસ્તાર પર રશિયન હુમલાઓમાં ૧૭ લોકો માર્યા ગયા હતા અને ડઝનબંધ ઘાયલ થયા હતા. એમ પ્રમુખ વોલોડિમીર ઝેલેન્સ્કીએ બુધવારે જણાવ્યું હતું. રાતભર થયેલા હુમલામાં યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમ મોસ્કોથી આવનારી કોઈપણ મિસાઈલને રોકવામાં નિષ્ફળ રહી હતી. અંદાજે બે કલાક સુધી ચાલેલો આ હુમલો, રશિયા દ્વારા કરવામાં આવેલા મોટા પાયાના મિસાઈલ હુમલાઓની શ્રેણીમાં સૌથી નવો હતો.

૯૭ વર્ષના બ્રિટિશ દાદીએ બનાવ્યો 'વિંગ વોકિંગ'નો વર્લ્ડ રેકોર્ડ

સ્ટ્રોકમાંથી સાજા થયા બાદ બેટી બ્રોમેજનું અદ્ભૂત પરાક્રમ

બ્રિટનના ચેલટેનહામમાં રહેતા ૯૭ વર્ષીય દાદી બેટી બ્રોમેજે વિશ્વના સૌથી વૃદ્ધ મહિલા તરીકે પ્લેનની પાંખ પર ચાલવાનો ('વિંગ વોકિંગ') ગિનીસ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ગયા વર્ષે ઓગસ્ટમાં સ્ટ્રોક (લકવો) આવ્યા છતાં તેમણે હિંમત હાર્યા વગર પોતાનો જ જૂનો રેકોર્ડ તોડ્યો હતો.

છેલ્લા એક દાયકામાં ૬ વખત આ સાહસ કરી ચૂકેલા બેટીએ જણાવ્યું હતું કે, "હું ગાડી ચલાવી શકતી નથી અને સરખું જોઈ પણ શકતી નથી.

જો હું આવા સાહસો ન કરું તો જિંદગીથી કંટાળી જાઉં. પ્લેનની પાંખ પર ચઢવું થોડું અઘરું છે, પણ એકવાર ઉપર પહોંચ્યા પછી કોઈ સમસ્યા નથી રહેતી."

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તેઓ જ્યારે ૧૦૦ વર્ષના થશે ત્યારે પણ કંઈક ખાસ સાહસ કરવાનું આયોજન કરશે.

જર્મનીના એરપોર્ટ પર બોમ્બથી સજ્જ ડ્રોન મળતાં અફડાતફડી

બર્લિન, તા. 5 (AP) જર્મનીના લીપઝિગ/હેલે એરપોર્ટ પર વિસ્ફોટક ઉપકરણ સાથેનું એક ડ્રોન મળી આવ્યું હતું અને તે વસ્તુમાંથી ડિટોનેટર હટાવી લેવામાં આવ્યું હતું. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. મધ્યરાત્રિના થોડા સમય પહેલા નજીકમાં એક ઊડતી વસ્તુ જોવા મળ્યા બાદ એરપોર્ટના બંને રનવે બંધ કરી દેવામાં આવ્યા હતા અને એક પેસેન્જર પ્લેન સહિત અસંખ્ય ફ્લાઈટ્સને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

દક્ષિણ રનવે નજીક એક વસ્તુની તપાસ કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ રોબોટ તૈનાત કરવામાં આવ્યો હતો. સેક્સોનીના સ્ટેટ ક્રિમિનલ પોલીસ ઓફિસ અને રાજ્યની રાજધાની ડ્રેસડનના પ્રોસિક્યુટર્સના બુધવારના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, એરપોર્ટના એક કર્મચારીને એરપોર્ટના દક્ષિણ રનવે નજીક અજ્ઞાત વિસ્ફોટક ઉપકરણ સાથેનું એક ડ્રોન મળી આવ્યું હતું અને પોલીસ દ્વારા તે વસ્તુની તપાસ કરવામાં આવી હતી.

નવેમ્બરમાં અમદાવાદના નીરવ શેઠ સામે જંગ

વોશિંગ્ટન પ્રાઈમરીમાં પ્રમિલા જયપાલનો વિજય

અમેરિકાની ચૂંટણીમાં બે ભારતીય મુખત્યાર સામસામે

ડેમોક્રેટિક ગઢમાં 83.3 ટકા વોટ મેળવી પ્રમિલાએ જીત નોંધાવી, નીરવ શેઠ બીજા ક્રમે રહ્યા

વોશિંગ્ટનની ઓપન પ્રાઇમરી પદ્ધતિથી બંને ભારતીય-અમેરિકન નેતાઓ યુએસ કોંગ્રેસની આખરી ચૂંટણી માટે લાયક ઠર્યા

વોશિંગ્ટન, તા. 5 (પીટીઆઈ): વોશિંગ્ટન સ્ટેટના સાતમા સંસદીય વિસ્તારમાં ડેમોક્રેટિક પાર્ટીના ભારતીય-અમેરિકન સાંસદ પ્રમિલા જયપાલ મંગળવારે યોજાયેલી ઓલ-પાર્ટી પ્રાઇમરી ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવીને ફરી એકવાર નવેમ્બરમાં યોજાનારી યુએસ કોંગ્રેસની સામાન્ય ચૂંટણી માટે ક્વોલિફાય થયા છે. નવેમ્બરની આ ચૂંટણીમાં તેમની સીધી ટક્કર રિપબ્લિકન પાર્ટીના ભારતીય-અમેરિકન ઉમેદવાર નીરવ શેઠ સામે થશે.

ડેમોક્રેટિક પાર્ટીના ગઢ ગણાતા આ વિસ્તારમાં 60 વર્ષીય પ્રમિલા જયપાલે 83.3 ટકા મતો મેળવીને એકતરફી જીત નોંધાવી હતી, જ્યારે ભૂતપૂર્વ પોલીસ અધિકારી અને ઉદ્યોગપતિ 40 વર્ષીય નીરવ શેઠ 10.8 ટકા મતો સાથે બીજા ક્રમે રહ્યા હતા.

વોશિંગ્ટન સ્ટેટની ઓપન પ્રાઇમરી પદ્ધતિ મુજબ પક્ષ ગમે તે હોય, પણ ટોચના 2 સ્થાને રહેનાર ઉમેદવારો જ નવેમ્બરની આખરી ચૂંટણીમાં સામસામે લડે છે.

ચેન્નાઈમાં જન્મેલા જયપાલ 2016માં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાયેલા પ્રથમ દક્ષિણ એશિયાઈ મહિલા બન્યા હતા અને તેઓ બર્ની સેન્ડર્સના સમર્થનથી ડેમોક્રેટિક પાર્ટીના અગ્રણી પ્રગતિશીલ નેતા તરીકે ઉભરી આવ્યા છે. બીજી તરફ અમદાવાદમાં જન્મેલા અને ઉછરેલા નીરવ શેઠ 2008માં અભ્યાસ અર્થે અમેરિકા આવ્યા હતા. ત્યારબાદ તેઓ અમેરિકી મરીન્સ અને વાશિંગ્ટનના લેકવુડમાં પોલીસ સેવામાં જોડાયા હતા. પોતાના વ્યવસાયોમાં વારંવાર થતી ચોરીઓ અને વર્તમાન વહીવટીતંત્રની નિષ્ફળતાઓથી કંટાળીને તેમણે 2023માં રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. જોકે, સીએટલ અને આસપાસના વિસ્તારોને આવરી લેતા આ ડેમોક્રેટિક ગઢમાં 2016થી સતત જીતતા જયપાલ સામે શેઠ માટે નવેમ્બરની આ લડાઈ અત્યંત પડકારજનક રહેશે.

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના વિઝામાં ૬૨%નો જંગી ઘટાડો

અભ્યાસ પૂરો કર્યા પછી કામ કરવાની મંજૂરી આપતી OPT સ્કીમ રદ કરવા અમેરિકી થિંક ટેન્કનો પ્રસ્તાવ

વોશિંગ્ટન, તા. 5: વર્ષ ૨૦૨૫માં ભારતીય વિદ્યાર્થીઓને અપાતા અમેરિકી સ્ટુડન્ટ વિઝામાં ૬૨ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે.

'સેન્ટર ફોર ઈમિગ્રેશન સ્ટડીઝ' (CIS)ના રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં ભારતીય નાગરિકોને ૫૮,૬૯૪ વિઝા મળ્યા હતા, જે ૨૦૨૫માં ઘટીને માત્ર ૨૨,૧૪૯ થઈ ગયા છે. તેવી જ રીતે ચીનના વિદ્યાર્થીઓના વિઝામાં પણ ૩૪ ટકાનો ઘટાડો થયો છે.

બીજી તરફ, CIS ના સીનિયર લીગલ ફેલો જ્યોર્જ ફિશમેને OPT (Optional Practical Training) પ્રોગ્રામ સંપૂર્ણપણે બંધ કરવાની વકાલત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં કામ કરવાની મંજૂરી આપતા આ પ્રોગ્રામના કારણે સ્થાનિક અમેરિકી યુવાનોની નોકરીઓ અને વેતન પર માઠી અસર પડે છે. નોંધનીય છે કે ૨૦૨૪-૨૫માં OPT હેઠળ કામ કરતા કુલ ૨.૯૪ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓમાં ૪૯ ટકા વિદ્યાર્થીઓ માત્ર ભારતથી હતા.

ગ્રીન કાર્ડ રોકવાની ટ્રમ્પની નીતિ ગેરકાયદેસર: ભારતીય મૂળના જજ

75 દેશોના વિઝા અરજદારોની પ્રક્રિયા અટકાવવાનો નિર્ણય કાયદા વિરુદ્ધ ગણાવ્યો

દરેક અરજીનો અલગથી નિર્ણય લેવાનો આદેશ

વોશિંગ્ટન, તા. 5: અમેરિકામાં ભારતીય મૂળના ફેડરલ જજ અમિત મહેતાએ ટ્રમ્પ પ્રશાસનની 75 દેશોના અરજદારો માટે ગ્રીન કાર્ડ પ્રક્રિયા સ્થગિત કરવાની નીતિને ગેરકાયદેસર જાહેર કરી છે. જજે કહ્યું કે વિદેશ મંત્રાલયે કાઉન્સ્યુલર અધિકારીઓ પાસેથી વિઝા સંબંધિત નિર્ણય લેવાની સત્તા છીનવીને પોતાની કાનૂની મર્યાદા વટાવી છે.

બ્લૂમબર્ગ લૉના અહેવાલ મુજબ, આ વર્ષે જાન્યુઆરીમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ અમલમાં મૂકેલી 'પબ્લિક ચાર્જ' નીતિ હેઠળ 75થી વધુ દેશોના પરિવાર આધારિત ઈમિગ્રન્ટ વિઝા અને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ અરજદારોની પ્રક્રિયા અટકાવી દેવામાં આવી હતી. પ્રશાસનનું માનવું હતું કે આવા અરજદારો ભવિષ્યમાં સરકારી સહાય પર નિર્ભર બની શકે છે.

જજ અમિત મહેતાએ જણાવ્યું કે 1952ના ઈમિગ્રેશન એન્ડ નેશનાલિટી એક્ટ (INA) મુજબ દરેક ગ્રીન કાર્ડ અરજીનો નિર્ણય સંબંધિત કાઉન્સ્યુલર અધિકારીએ તેના ગુણદોષના આધારે અલગથી લેવાનો હોય છે. ટ્રમ્પ સરકારની નીતિએ આ સત્તા વિદેશ મંત્રીને આપીને કાયદાનું ઉલ્લંઘન કર્યું છે.

આ ચુકાદો બ્રાઝિલના એક નાગરિકની અરજી પર આવ્યો હતો, જેના EB-5 રોકાણકાર વિઝા હેઠળના ગ્રીન કાર્ડની પ્રક્રિયા અટકાવવામાં આવી હતી. જજે વિદેશ મંત્રાલયને અરજદારની અરજી પર નિયમ મુજબ નિર્ણય લેવા આદેશ આપ્યો છે. આ જ નીતિને પડકારતી અનેક અરજીઓ હાલમાં વોશિંગ્ટન અને ન્યૂયોર્કની ફેડરલ અદાલતોમાં પણ ચાલી રહી છે. બીજી તરફ, ટ્રમ્પ પ્રશાસન વિઝા અરજદારોની ચકાસણી વધુ કડક બનાવવા પ્રતિબદ્ધ હોવાનું અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું છે.

લંડનના કોવેન્ટ ગાર્ડનમાં 4 પુરુષો પર મહિલાએ ચાકૂ વડે હુમલો કર્યો

લંડન, તા. 5 (PTI): બ્રિટિશ રાજધાનીના લોકપ્રિય પ્રવાસન સ્થળ કોવેન્ટ ગાર્ડનમાં બુધવારે 34થી 52 વર્ષની વયના ચાર પુરુષો પર ચાકૂ વડે હુમલો કરવામાં આવ્યો હતો. એમ મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું. ઘટનાસ્થળેથી એક 47 વર્ષીય મહિલાની ઘાતક હથિયાર રાખવા અને હુમલો કરવાના શંકાસ્પદ ગુના હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસનું માનવું છે કે આ એક માનસિક સ્વાસ્થ્ય સંબંધિત ઘટના છે. 34, 39, 42 અને 52 વર્ષની વયના પુરુષોને રસ્તા માર્ગે મેજર ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવે તે પહેલા પેરામેડિક્સ દ્વારા સારવાર આપવામાં આવી હતી ત્યારે ટ્રફાલ્ગર સ્કવેર ખાતે એર એમ્બ્યુલન્સ હેલિકોપ્ટર ઊતરતું જોવા મળ્યું હતું.

સ્પેશિયલ ટ્રેનોનું ભાડું રેગ્યુલર ટ્રેનો કરતાં વધુ

તહેવારો અને પીક સીઝનનો ધસારો પહોંચી વળવા ચલાવાય છે સ્પેશિયલ ટ્રેનો; સંસાધનો અને માંગના આધારે નક્કી થાય છે ભાડું: અશ્વિની વૈષ્ણવ

નવી દિલ્હી, તા. 5 (પીટીઆઈ) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે બુધવારે લોકસભામાં માહિતી આપી હતી કે, રિઝર્વ્ડ સીટવાળી સ્પેશિયલ ટ્રેનો, નિયમિત નિર્ધારિત ટ્રેનોની સરખામણીમાં વધુ ભાડા પર ચલાવવામાં આવે છે. વૈષ્ણવનો આ લેખિત જવાબ કોંગ્રેસના સાંસદ સંજના જાટવના સ્પેશિયલ ટ્રેનોના ભાડાના માળખા અંગેના પ્રશ્નોના જવાબમાં આવ્યો હતો, જેમાં તેમના ભાડા નક્કી કરવા માટે અપનાવવામાં આવેલા માપદંડોનો પણ સમાવેશ થાય છે. સંજનાએ એ પણ જાણવા માગ્યું હતું કે, છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન કેટલી ટ્રેનોને સ્પેશિયલમાંથી રેગ્યુલર સર્વિસમાં રૂપાંતરિત કરવામાં આવી છે અને શું હનુમાનગઢ-જયપુર ટ્રેનનું ભાડું તે જ રૂટ પર ચાલતી અન્ય રેગ્યુલર ટ્રેનો કરતાં વધુ છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતીય રેલવે મુસાફરોની વધતી જતી જરૂરિયાતોને પૂરી કરવા માટે સતત પ્રયાસો કરે છે. એ માટે નવી સેવાઓ શરૂ કરવામાં આવે છે, વર્તમાન ટ્રેન સેવાઓનો વિસ્તાર કરવામાં આવે છે, તેમની ફ્રિક્વન્સી વધારવામાં આવે છે અને વર્તમાન ટ્રેનોમાં કોચની સંખ્યામાં વધારો કરવામાં આવે છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે, "આ ઉપરાંત, વર્તમાન ટ્રેન સેવાઓ પરના ભારણમાં પણ વધારો કરવામાં આવે છે. આ સતત ચાલતી પ્રક્રિયાઓ છે, જે કામગીરીની ક્ષમતા, સંસાધનોની ઉપલબ્ધતા, સ્પર્ધાત્મક માંગ વગેરેને આધીન છે."

અમેરિકા પર ચીનની જવાબી કાર્યવાહી: ડ્રોનની નિકાસ પર પ્રતિબંધ

ચીને 6 અમેરિકી સંસ્થાઓને પણ પ્રતિબંધિત કરી

અમેરિકાએ ચીનના ડ્રોનની આયાત અને બંધુઆ મજૂરીના આરોપમાં 43 ચીની કંપનીઓને બ્લેકલિસ્ટ કરી હતી

નવા પ્રતિબંધો ચાલુ રહેશે તો આગળ વધુ કડક પગલાં લેવામાં આવશે: ચીન

બેંગકોક, તા. 5 (એપી): ચીને બુધવારે અમેરિકા સામે શ્રેણીબદ્ધ આર્થિક જવાબી પલટવારની જાહેરાત કરી છે, જેમાં અમેરિકામાં ડ્રોનની નિકાસ પર નિયંત્રણો અને 6 અમેરિકી સંસ્થાઓ સાથેના વ્યવહારો પર પ્રતિબંધ સામેલ છે.

વોશિંગ્ટન દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલા આકરા નિયંત્રણોના વિરોધમાં બીજિંગે આ આકરાં પગલાં લીધાં છે. મે મહિનામાં બીજિંગ ખાતે ચીની પ્રમુખ શી જિનપિંગ અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાત બાદ બંને દેશોના સંબંધો સુધરવાના સંકેતો મળ્યા હતા, પરંતુ સપ્ટેમ્બરમાં જિનપિંગની સંભવિત અમેરિકા મુલાકાત પહેલાં જ વિશ્વના આ બે સૌથી મોટા અર્થતંત્રો વચ્ચે ફરી તણાવ વધ્યો છે.

ચીનના વાણિજ્ય મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે અમેરિકી ફેડરલ કમ્યુનિકેશન્સ કમિશન (FCC) દ્વારા ચાઈનીઝ ડ્રોનની આયાત પર મૂકાયેલા પ્રતિબંધ અને બંધુઆ મજૂરી નિવારણ કાયદા હેઠળ 43 ચાઈનીઝ કંપનીઓને બ્લેકલિસ્ટ કરવાના નિર્ણય સામે આ કાર્યવાહી કરાઈ છે. ચીને આક્ષેપ કર્યો હતો કે અમેરિકાના આ પગલાં બંને દેશોના વડાઓ વચ્ચે થયેલી સંમતિનો ભંગ કરે છે, તેથી ચીન પાસે આ જવાબી કાર્યવાહી કરવા સિવાય કોઈ વિકલ્પ ન હતો.

પેજ 3

રિહાન્નાનો બાર્બાડોસ કાર્નિવલમાં ગ્લેમરસ અવતાર

પોપ સ્ટાર રિહાન્નાએ મંગળવારે તેના વતન બાર્બાડોસના પ્રખ્યાત 'બાજન કાર્નિવલ'માં ધમાકેદાર વાપસી કરીને ચાહકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ૩૮ વર્ષીય આ ગાયિકાએ ટાપુના વાર્ષિક ઉત્સવ 'ગ્રાન્ડ કડૂમેન્ટ ડે'ની ઉજવણીમાં ભાગ લીધો હતો. ખાસ ડિઝાઇન કરેલા બ્રા વિનાના જ્વેલરી આઉટફિટ અને મેચિંગ ફેધર્ડ હેડડ્રેસ (પંખાવાળી હેટ) સાથે રિહાન્નાએ હજારો શ્રદ્ધાળુઓ અને ચાહકો વચ્ચે પોતાના બોલ્ડ અને સ્ટાઇલિશ લુકથી સમગ્ર કાર્યક્રમનું આકર્ષણ છીનવી લીધું હતું.

મહાભારતમાં અશ્વત્થામા બનેલા પ્રદીપ રાવતનું નિધન

મુંબઈ, તા. 5 : એક્ટર પ્રદીપ રાવતનું 74 વર્ષની ઉમરે મંગળવારે સાંજે નિધન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર બુધવારે મુંબઈની બેસ્ટ કોલોની પાસે ગોરેગાંવ (પશ્ચિમ)માં કરવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમના પુત્ર વિક્રમાદિત્ય પોતાના પિતાનો પાર્થિવ દેહ જોઈને ભાવુક થઈ ગયો હતો. એક્ટર પ્રદીપ રાવત 'લગાન' અને 'ગજની' સહિત ઘણી ફિલ્મોમાં જોવા મળ્યા હતા. આમિર ખાન અને રઝા મુરાદ સહિત ઘણા સેલેબ્સ પ્રદીપ રાવતના અંતિમ સંસ્કારમાં સામેલ થયા હતા. સલમાન ખાને પ્રદીપ સાથે જૂનો ફોટો શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી. રિપોર્ટ અનુસાર, પ્રદીપ રાવતના મેનેજર સિદ્ધાર્થ તિવારીએ જણાવ્યું હતું કે, એક્ટર કેન્સરથી પીડિત હતા. છેલ્લા એક મહિનાથી તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી.

આસામના પૂરપીડિતોની વહારે પહોંચ્યો રણદીપ હુડ્ડા

ગુવાહાટી, તા. 5: આસામમાં પૂરની સ્થિતિ હજી પણ ગંભીર છે. રાતભર પડેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાનો ખતરો ફરી એકવાર વધ્યો છે. વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક વધીને 89 પર પહોંચી ગયો છે. આ આફતમાં મદદ કરવા માટે અનેક લોકો આગળ આવ્યા છે, તેમાં અભિનેતા રણદીપ હુડ્ડા પણ સામેલ છે. હુડ્ડા છેલ્લા ઘણા દિવસોથી આસામમાં પૂરગ્રસ્તોને મદદ કરી રહ્યો છે. અભિનેતા તેમને લંગર પીરસતા અને રાશનનું વિતરણ કરતા રહ્યા છે. દરમિયાન રણદીપ હુડ્ડાએ પૂરપીડિતોને બોટ દ્વારા જરૂરી સામગ્રી પહોંચાડી હતી. 4 ઓગસ્ટના રોજ અભિનેતાએ એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તે સામાનનું વિતરણ કરતાં જોવા મળે છે.

અભિનેત્રી જિયા શંકરે મંગેતર કરણ સાથે સગાઈ કરી લીધી

મુંબઈ, તા. 5: અભિનેત્રી જિયા શંકરે હવે સગાઈ કરી લીધી છે. 5 ઓગસ્ટે, 31 વર્ષીય એક્ટરે ઇન્સ્ટાગ્રામ ફોટોઝના સેટ સાથે આ સમાચાર શેર કર્યા હતા અને લખ્યું હતું, "જ્યારે તમને બિલકુલ આશા ન હોય ત્યારે જ પ્રેમ મળી જાય છે." જ્યારે ઇન્સ્ટાગ્રામ પર કરણ તરીકે ઓળખાતા પોતાના મંગેતરનો ચહેરો પહેલીવાર જાહેર કર્યો હતો. આ પોસ્ટમાં સૂર્યાસ્ત સમયે થયેલા એક રોમેન્ટિક આઉટડોર પ્રપોઝલની ઝલક જોવા મળી હતી. સગાઈની તસવીરો સાથે તેણે ધીરજ, દૂર-દૂર રહીને વાતો કરવી, પ્રેમ અને દરરોજ એકબીજાને પસંદ કરવા વિશે એક લાંબી નોટ પણ શેર કરી હતી.

મલાઇકા અરોરાએ ચંપલ પહેરીને નવી કારની પૂજા કરી

મુંબઈ, તા. 5 : અભિનેત્રી મલાઇકા અરોરાએ તાજેતરમાં જ નવી મહિન્દ્રા થાર રોક્સ કાર ખરીદી છે. કારની ડિલિવરી પછી તે પોતાના મિત્રો અને સ્ટાફ સાથે કારની પૂજા કરતી જોવા મળી હતી. પૂજા દરમિયાન મલાઇકાના પગમાં સેન્ડલ (હીલ્સ) જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ ભડકી ગયા છે. ચંપલ-સેન્ડલ ઉતાર્યા વગર અને રિવિલિંગ કપડાંમાં નવી કારની આરતી ઉતારવા પર લોકોએ મલાઇકા પ્રત્યે નારાજગી વ્યક્ત કરી અને તેને માત્ર ફોટો પડાવવાનો દેખાડો ગણાવ્યો છે. ચંપલ પહેરીને પૂજા કરવા પર એક યુઝરે લખ્યું, "ઓછામાં ઓછું પોતાના ચંપલ તો ઉતારી લેતી, આ લોકો માત્ર ફોટો પડાવવા માટે પૂજા કરે છે."

જુની હળીયાદ સંગમના સખી સ્નેહમિલનમાં નિઃશુલ્ક કેક સેવા બદલ નિકુંજ કાંતીભાઈ રફાળીયાનું સન્માન

સુરત ખાતે આયોજિત જુની હળીયાદ સંગમ ૨૦૨૬ ૨૧ જુલાઇના રોજ યોજાયો હતો. આ સ્નેહમિલનમાં ગોપીનાથ લાઇવ કેક શોપના સંચાલક શ્રી નિકુંજ કાંતીભાઈ રફાળીયા દ્વારા નિઃશુલ્ક સેવા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સૌએ સાથે મળીને કેક કટિંગ કરી આનંદ વ્યક્ત કર્યો.

આ સેવાકીય કાર્યની કદરરૂપે કાર્યક્રમના આયોજકો દ્વારા શ્રી નિકુંજ કાંતીભાઈ રફાળીયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું કે સમાજમાં આવી નિઃસ્વાર્થ સેવાઓ અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બને છે.

શ્રી નિકુંજ કાંતીભાઈ રફાળીયા એ જણાવ્યું કે, "સમાજના સુખદ પ્રસંગોમાં સેવા કરવાનો અવસર મળે એ જ મારા માટે સૌથી મોટું સન્માન છે. ભવિષ્યમાં પણ આવી સેવાકીય પ્રવૃતિઓમાં સતત જોડાયેલા રહીશું. જે કંઈ પણ ભવિષ્યમાં સખી સ્નેહમિલન થવાના હોય તે મારા સંપર્ક કરીને આ સેવાકીય લાભ લઈ શકો છો."

આ પ્રસંગે સમાજના આગેવાનો, બહેનો તથા મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગોપીનાથ લાઇવ કેક શોપ

G-10/11, Star Galaxy Complex, Opp. D-Mart, Sarthana Jakatnaka, Surat. Mo :- 9714430509